# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-12-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

**************************************************

1. ભારત અને ન્યુઝીલેન્ડે ઐતિહાસિક, મહત્વાકાંક્ષી અને પરસ્પર લાભદાયી મુક્ત વેપાર કરાર (FTA) કર્યો
2. દિલ્હીના ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી એર ઇન્ડિયાના વિમાનનું ઇમરજન્સી લેન્ડિંગ, તમામ મુસાફરો સુરક્ષિત, સરકારે ઘટનાનો રિપોર્ટ માંગ્યો
3. રાષ્ટ્રીય રાજધાની અને એનસીઆર ક્ષેત્રમાં આજે ગાઢ ધુમ્મસને કારણે ઘણી ફ્લાઇટ્સ અને ટ્રેનોના સમયપત્રક ખોરવાયા
4. બાંગ્લાદેશના પદભ્રષ્ટ પ્રધાનમંત્રી શેખ હસીનાએ યુનુસ સરકાર હિંસા રોકવામાં નિષ્ફળ ગઈ હોવાનો અને દેશને અરાજકતા તરફ ધકેલતી હોવાનો આરોપ લગાવ્યો
5. આઇટી, ધાતુઓ અને ઉદ્યોગોના શેરોની આગેકૂચના પગલે ભારતીય શેરબજારમાં તેજી.

……………………………………………………………

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

## INDIA - NEW ZEALAND

ભારત અને ન્યુઝીલેન્ડે ઐતિહાસિક, મહત્વાકાંક્ષી અને પરસ્પર લાભદાયી મુક્ત વેપાર કરાર (FTA) કર્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને તેમના ન્યુઝીલેન્ડ સમકક્ષ ક્રિસ્ટોફર લક્સને આજે આ જાહેરાત કરી. શ્રી મોદીએ આજે શ્રી લક્સન સાથે ટેલિફોન પર વાતચીત કરી.

આ વર્ષે માર્ચમાં શ્રી લક્સનની ભારત મુલાકાત દરમિયાન વાટાઘાટો શરૂ થઈ હતી. બંને નેતાઓ સંમત થયા હતા કે નવ મહિનાના રેકોર્ડ સમયમાં FTAનો અમલ સંબંધોને વધુ ગાઢ બનાવશે.

આ કરારને કારણે બંને દેશોના બજારની પહોંચ વધશે, રોકાણ વધશે, બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક સહયોગને મજબૂત બનાવશે. નવીનતાઓ, ઉદ્યોગસાહસિકો, ખેડૂતો, MSME, વિદ્યાર્થીઓ અને યુવાનો માટે બંને દેશોમાં નવી તકો પણ ઉભી થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## AIR INDIA – EMERGNCY LANDING

દિલ્હીના ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી એર ઇન્ડિયાના વિમાનનું ઇમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું , જો કે તમામ મુસાફરો સુરક્ષિત છે. આજે

સવારે દિલ્હીના ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી મુંબઈ માટે રવાના થયેલ એર ઇન્ડિયાનું વિમાન AI-887 ને ટેકઓફ કર્યાની થોડી મિનિટો પછી જ હવામાંથી પાછું બોલાવવામાં આવ્યું હતું.

સત્તાવાર માહિતી મુજબ, આ વિમાનમા ટેકનિકલ સમસ્યાને કારણે તેની મુંબઈ જતી મુસાફરી રદ કરવી પડી હતી અને દિલ્હી પરત ફરવું પડ્યું હતું. વિમાને દિલ્હી એરપોર્ટથી સમયપત્રક મુજબ જ ઉડાન ભરી હતી, પરંતુ ટેકઓફ પછી, કોકપીટમાં ટેકનિકલ સમસ્યાના સંકેતો મળી આવ્યા હતા. પાયલોટે સાવધાની રાખી અને પાછા ફરવાનો નિર્ણય લીધો.

આ ઘટના પર પ્રતિક્રિયા આપતા, એર ઇન્ડિયાએ જણાવ્યું હતું કે મુસાફરોની સલામતી સર્વોપરી છે. પ્રવક્તાએ જણાવ્યું કે ફ્લાઇટ AI 887 ને ટેકઓફ કર્યા પછી તરત જ ટેકનિકલ સમસ્યાને કારણે પરત ફરવું પડ્યું હતું. વિમાન દિલ્હી એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઉતર્યું છે અને બોર્ડમાં રહેલા તમામ મુસાફરો અને ક્રૂ સભ્યો સુરક્ષિત છે.

આ સમગ્ર ઘટના અંગે નાગરિક ઉડ્ડયન મંત્રાલયે એર ઇન્ડિયાની ફ્લાઇટ સાથે સંબંધિત ઘટનામાં એર ઇન્ડિયા પાસેથી વિગતવાર અહેવાલ માંગ્યો છે, મંત્રાલયે નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલયને આ કેસમાં સંપૂર્ણ તપાસ કરવાનો પણ નિર્દેશ આપ્યો છે. તેણે એરલાઇનને મુસાફરોને તમામ સહાય પૂરી પાડવા અને આગામી ફ્લાઇટ્સમાં તેમને સુવિધા આપવાનો પણ નિર્દેશ આપ્યો છે. મંત્રાલયે ઉમેર્યું હતું કે વિમાન AI-887 સુરક્ષિત રીતે ઉતર્યું છે અને મુસાફરોની સલામતી તેમના માટે સર્વોપરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# TRAIN FLIGHT FOG AFFECT

રાષ્ટ્રીય રાજધાની અને એનસીઆર ક્ષેત્રમાં આજે ગાઢ ધુમ્મસને કારણે ઘણી ફ્લાઇટ્સ અને ટ્રેનોમાં વિક્ષેપ પડ્યો હતો.

આકાશવાણી સમાચાર સાથે વાત કરતાં દિલ્હી એરપોર્ટના એક અધિકારીએ જણાવ્યું હતું કે ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઓછી દૃશ્યતાને કારણે લગભગ 10 ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી.

ભારતીય રેલ્વેના દિલ્હી વિભાગે જણાવ્યું હતું કે આજે દિલ્હી જતી ઘણી ટ્રેનોની અવરજવર પણ પ્રભાવિત થઈ હતી, લગભગ 17 ટ્રેનો 3 કલાકથી વધુ મોડી પડી હતી. ભારતીય હવામાન વિભાગે બપોર સુધી મધ્યમ ધુમ્મસની આગાહી કરી છે .

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# SHEAIKH HASINA ON BDESH

બાંગ્લાદેશમાં ઇન્કિલાબ મંચના નેતા શરીફ ઉસ્માન હાદીને, શનિવારે ઢાકા યુનિવર્સિટીમાં દેશના રાષ્ટ્રીય કવિ કાઝી નજરુલ ઇસ્લામની કબર પાસે દફનાવવામાં આવ્યા હતા.

બાંગ્લાદેશના પદભ્રષ્ટ પ્રધાનમંત્રી શેખ હસીના, હાદીના મૃત્યુ પછી દેશમાં ફાટી નીકળેલી હિંસાથી ખૂબ જ દુઃખી છે. તેમનું કહેવું છે કે, યુનુસ સરકાર હિંસા રોકવામાં નિષ્ફળ ગઈ અને દેશને અરાજકતા તરફ દોરી રહી છે.

મીડિયા અહેવાલોમાં યુનુસ સરકાર પર, લોકશાહીને નબળી પાડવાનો અને રાજકીય રીતે પ્રેરિત નિર્ણયો લેવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. અવામી લીગના વડા શેખ હસીનાએ કહ્યું કે, તેમની સામે ચાલી રહેલી કાનૂની પ્રક્રિયા ન્યાય નથી પરંતુ રાજકીય બદલો લેવાનું સાધન છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## STOCKS-1200

ભારતીય શેરબજારમાં નવા સપ્તાહના આરંભે તેજીનો માહોલ જોવા મળ્યો હતો. આજે બપોરના કારોબાર દરમિયાન બેન્ચમાર્ક સ્થાનિક ઇક્વિટી સૂચકાંકો, સેન્સેક્સ અને નિફ્ટી અડધા ટકાથી વધુ ઉપર ટ્રેડ કરી રહ્યા હતા. છેલ્લા અહેવાલો આવ્યા ત્યારે સેન્સેક્સ 526 પોઈન્ટ વધીને 85,455 પર પહોંચ્યો હતો, જ્યારે નિફ્ટી 178 પોઈન્ટ વધીને 26,144 પર પહોંચ્યો હતો. ક્ષેત્રીય મોરચે, IT, ધાતુ અને ઉદ્યોગના શેર સૌથી વધુ વધ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલોૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

# BANGLASESH HUMAN RIGTH ORGANISATION

બાંગ્લાદેશના એક અગ્રણી માનવાધિકાર સંગઠને દેશભરમાં તાજેતરમાં થયેલી ભીડ હિંસાની ઘટનાઓ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે.

આઈન ઓ સલીશ કેન્દ્ર દ્વારા આ ચિંતા વ્યક્ત કરી છે. સાંભળીએ એક અહેવાલ

## વોઇસ કાસ્ટ- નવલસંગ પરમાર

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## ARREST- ALIM MOLLA

શેખ સહજહાં કેસના મુખ્ય સાક્ષીઓમાંના એક ભોલાનાથ ઘોષ સાથે સંકળાયેલા હત્યાના પ્રયાસના મુખ્ય શંકાસ્પદ અલીમ મોલ્લાની પોલીસે ગઈકાલે રાત્રે ધરપકડ કરી હતી. તેને આજે બશીરહાટ કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

સીબીઆઈ દ્વારા નોંધાયેલા કેસમાં મુખ્ય સાક્ષીઓમાંના એક ભોલાનાથ ઘોષ, જેમાં સંદેશખલીના ભૂતપૂર્વ તૃણમૂલ નેતા શેખ શાહજહાં મુખ્ય આરોપી છે, ગંભીર રીતે ઘાયલ થયા હતા, અને તેમના નાના પુત્ર અને તેમની કારના ડ્રાઇવરનું મૃત્યુ થયું હતું જ્યારે 10 ડિસેમ્બરના રોજ ઉત્તર 24 પરગણા જિલ્લામાં એક ટ્રક તેમની કાર સાથે અથડાઇ હતી.

તેઓ શેખ શાહજહાં સંબંધિત બશીરહાટ કોર્ટમાં એક કેસમાં જુબાની આપવા જઈ રહ્યા હતા. ત્યારબાદ ભોલાનાથના પરિવારે આરોપ લગાવ્યો

કે આ અકસ્માત જાણી જોઈને કરવામાં આવ્યો હતો અને તે હત્યાના પ્રયાસનો સ્પષ્ટ કેસ હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . .

## FRANCE-AIRCRAFT CARRIER

ફ્રાન્સ **30** ફાઇટર જેટ અને **2,000** નૌકાદળના કર્મચારીઓની ક્ષમતા ધરાવતું એક નવું વિમાનવાહક જહાજ બનાવશે.

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોને આ જાહેરાત કરી છે. આ જહાજ **2038** સુધીમાં તૈયાર થવાની ધારણા છે. તે **2001**ના ચાર્લ્સ ડી ગૌલ વિમાનવાહક જહાજનું સ્થાન લેશે.

રાષ્ટ્રપતિ મેક્રોને કહ્યું કે આ પ્રોજેક્ટથી નાના અને મધ્યમ કદના ઉદ્યોગોને ફાયદો થશે.

મેક્રોને આગામી બે વર્ષમાં **6.5** બિલિયન યુરોના વધારાના લશ્કરી ખર્ચની પણ જાહેરાત કરી.

. . . . . . . . . . . . . . . . . . . . . .

## AUSTRIALIA-GUN-LAW

ઓસ્ટ્રેલિયામાં, બોન્ડી બીચ આતંકવાદી હુમલા બાદ, ન્યુ સાઉથ વેલ્સ સંસદે આજે બંદૂક અને વિરોધ પ્રદર્શન સંબંધી કડક કાયદો પસાર કરવા માટે એક ખાસ સત્ર બોલાવ્યું છે.

તાજેતરમાં ઇસ્લામિક સ્ટેટથી પ્રેરિત એક પિતા અને પુત્રએ હનુક્કાહ ઉજવણીમાં ગોળીબાર કર્યો હતો, જેમાં 15 લોકો માર્યા ગયા અને અનેક લોકો ઘાયલ થયા હતા.

પ્રસ્તાવિત કાયદાઓમાં લાઇસન્સ પ્રાપ્ત બંદૂક માલિકો પાસે રહેલા હથિયારોની સંખ્યા મર્યાદિત કરવાનો સમાવેશ થાય છે. વધુમાં, આતંકવાદી ઘટના પછી ચોક્કસ સમયગાળા માટે નિયુક્ત વિસ્તારોમાં વિરોધ પ્રદર્શનોને અસરકારક રીતે પ્રતિબંધિત કરવા માટે કાયદો રજૂ કરવામાં આવી રહ્યો છે

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## PAKISTAN CLASH

પાકિસ્તાનના બલુચિસ્તાન અને ખૈબર-પખ્તુનખ્વામાં, અથડામણ દરમિયાન નવ સૈનિકો અને નવ બળવાખોરો માર્યા ગયા હતા.બલુચિસ્તાન લિબરેશન આર્મી અને સેનાની મીડિયા રિલેશન્સ વિંગ,

ઇન્ટર-સર્વિસિસ પબ્લિક રિલેશન્સ એ આ ઘટનાઓ અંગે અલગ અલગ દાવાઓ જારી કર્યા છે.

બલુચિસ્તાન પોસ્ટે અહેવાલ આપ્યો છે કે, સ્વતંત્રતા સમર્થક સશસ્ત્ર જૂથ, બલુચિસ્તાન લિબરેશન આર્મીએ શનિવારે જણાવ્યું હતું કે તેના લડવૈયાઓએ બલુચિસ્તાનના ક્વેટા, કાચી અને કેચ જિલ્લામાં ત્રણ અલગ અલગ હુમલાઓમાં છ પાકિસ્તાની સૈનિકોને મારી નાખ્યા છે.

એક મીડિયા નિવેદનમાં, બીએલએ પ્રવક્તા જિયાંદ બલોચે જણાવ્યું હતું કે, લડવૈયાઓએ શુક્રવારે ક્વેટાની બહારના ડાઘારી વિસ્તારમાં રિમોટ-કંટ્રોલ્ડ ઇમ્પ્રુવાઇઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઇસ (આઈઈડી) વડે હુમલો કર્યો હતો.

આઈએસપીઆર એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે સુરક્ષા દળોએ ખૈબર-પખ્તુનખ્વા (કેપી) માં બે અલગ અલગ એન્કાઉન્ટરમાં નવ તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (ટીટીપી) લડવૈયાઓને મારી નાખ્યા હતા.

પહેલું એન્કાઉન્ટર 19 ડિસેમ્બરે ડેરા ઇસ્માઇલ ખાન જિલ્લામાં થયું હતું, જેમાં ચાર બળવાખોરો માર્યા ગયા હતા. બન્નુ જિલ્લામાં બીજા એન્કાઉન્ટરમાં પાંચ બળવાખોરો માર્યા ગયા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . .